# અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા બ્રાહ્મણી કૃપા હોલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં કુલ ૨૩ પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં રાજ એન્ડ એસોસિયેટ્સ, મહેશ લાલવાણી એન્ડ કો., આયુદા ઓર્ગેનિક્સ, ઝીલેન ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., આર.આર. પુજારા એન્ડ એસોસિયેટ્સ, ટેક મહિન્દ્રા લિ., એક્સિસ બેંક, ઈએઆઈ એવિએશન એલએલપી, પિજિટી એન્ડ એસોસિયેટ્સ, સ્ટ્રાઈડેક ટેકનોલોજી પ્રા. લિ., એસટિપીસી બેકિંગ જોબ્સ, ગ્રાફોનિક્સ, એચડીએફસી લાઈફ, રૂપ અલ્ટ્રાસોનિક્સ લિ., ઉર્મિલ ડી. વેદ (પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી), હેલિક્સિયલ સર્વિસેસ પ્રા. લિ., કોસ્મોસ મેનપાવર પ્રા. લિ., એક્સિસ બેંક રિટેલ લેન્ડિંગ, મૃદંગ મેનેજમેન્ટ, એઈટસિલ (સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર) વગેરેનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં કુલ ૯૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ પ્રક્રિયા, કોર્પોરેટ વર્ક કલ્ચર અને કારકિર્દી તકો અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું, જે તેમના ભવિષ્ય માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. આ કાર્યક્રમ કોમર્સ ફેકલ્ટીના ડીન તથા પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.